**(ઉદઘોષણા)**

૯૦.૪ fm પર આ છે સૈયેરે જો રેડિયો. ડીજીટલ ફાયનાન્સ સર્વિસ ની સમજુતી માટે નાં આ વિશેષ કાર્યક્રમ માં હું આપનું સ્વાગત કરું છું.

મિત્રો કહેવાય છે કે ખિસ્સા માં દમ હોય તો કોઈ ચિંતા નથી.... પણ હવે આ ખિસ્સા માં રહેલ દમ એટલે કે રૂપિયા પૈસા કે રોકડા કદાચ સ્થાન બદલે છે.....

શું નથી સમજાતી મારી વાત ? ok ... વિસ્તાર થી કહું.... આપણે પહેલા સમાચાર કે સંદેશ આપવા માટે પોસ્ટકાર્ડ લખતા.... હવે એવું ઓછું બની રહ્યું છે ... અને આપને મેસેજ અને ઈમેલ પર આવી ગયા.... કારણ કે એમાં ઘણી સગવડો છે.... આજ રીતે થોડી ટેવ બદલવાની છે ... નાણા નાં વ્યવહારો રોકડા ને બદલે કાર્ડ અથવા મોબાઈલ થી કરવાનાં છે. ઘણું બદલાણું છે અને એવીજ રીતે એક કદમ વધુ ..બદલાવ તરફ વધીએ...

તો આજે આવીજ કાઈ વાતો લઈને આવ્યા છીએ કે જેથી રામ્જીભાઈ સહેલાઈથી ખાતર અને બિયારણ ની ખરીદી કરે, રફીકભાઈનાં ધંધા માં મજા પડી જાય..... સરલાબેનનાં ઘરમાટે નાં પુરા મહિનાની ખરીદી નું બીલ એક પલ માં ચૂકવાઈ જાય, મોન્ટુ, ચિન્ટુ, ભાવના ફાતિમા નાં અનેક ખર્ચા નું સમાધાન તુરતજ, ખુબ સહેલાઈથી, મગજમારી વગર અને સાથે સાથે ડીજીટલ ચુકવણા થી થાય. જેને આજના સમય માં ડિજિટલ ફાઈનાન્સિયલ સર્વિસિસ (ડીએફએસ) તરીકે ઓળખવામાં આવે છે.

ડીએફએસ એટલે કે ચલણનો ઉપયોગ કર્યા વગર અપ્રત્યક્ષ રીતે આર્થિક લેણદેણ કરવું. જેમાં ખેડૂતો, ગૃહિણીઓ, લારી ગલ્લા વાળા થી માડી ને મોટા વ્યપારીઓ અને વિદ્યાર્થીઓ સુવિધાનુસાર કાર્ડ્સ, યુએસએસડી, એઈપીએસ, યુપીઆઈ લેટ ના વિકલ્પો નો ઉપયોગ કરી આર્થિક વ્યવહારો કરી શકે છે. એટલે કે કુલ ચાર રીતે આ પ્રકારના વ્યવહારો કરવામાં આવે છે.

ચાલો હું તમને સરલાબેન પાસે લઈ જાઉં છું અને સાંભળીયે કે તેઓએ નાણાકીય વ્યવહાર માટે કાર્ડ નો ઉપયોગ કઈ રીતે કરેલ  છે.....

(સરલાબેન)

હું સરલાબેન હું ગૃહિણી છું...મને બેંક દ્વારા મારા ચાલુ ખાતા પર ડેબીટ કાર્ડ મળેલ...... હું આ કાર્ડ નો ઉપયોગ મારા ખાતા માં રહેલ રકમ અને જરૂરીયાત અનુસાર એટીએમ મશીન થી રોકડ ઉપાડું છું.... જે બહુ આસાન છે.... પેલા એટીએમ રૂમ માં જાઉં .... મારો કાર્ડ અંદર દાખલ કરું ... એટલે સામે ટીવી જેવા સ્ક્રીન પર મને મારો ચાર આંકડાનો નમ્બર પૂછવામાં આવે ... એ દાખલ કરી આગળ વધુ .. એટલે રકમ પૂછવામાં આવે ... નીચે આપેલ આંકો માંથી રકમ દાખલ કરી લઈ અને આગળ વધુ એટલે આપ મેળે મશીન માંથી દાખલ કરેલ રોકડ બહાર નીકળે અને એ પછી મને એક રસીદ પણ મળે છે .. જેનાથી મારા ખાતામાં બાકી રહેલ રકમ અને હાલ ઉપાડ ની જાણકારી મળી આવે છે ... મારા મોબાઈલ પર મેસેજ થી પણ કરેલ વ્યવહારની વિગતો ઉપલબ્ધ થાય છે ..... આ સુવિધા થી મને રોકડ ની હેરફેર કે સાચવણી કરવાની જરાય જરૂર નથી લાગતી .. આટલામાં પૂરું નથી પણ આજ કાર્ડ થી હું ઘણી જગ્યાએ મશીન પર સીધે સીધું ચુકવણું કરી નાખું છું... ઘણી જ સગવડ છે....  દુકાનોમાં ખરીદી માટે, ટીકીટ બુકિંગ, હોટેલ બુકિંગ તેમજ રેસ્ટોરન્ટના બીલ પણ ચૂકવી શકાય  છે.

ઉદઘોષણા

તો મિત્રો સામાન્ય રીતે આ કાડ્ર્સ ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણે બેંક દ્વારા આપવામાં આવે છે. વપરાશ અને જરૂરીયાત પ્રમાણે આ કાડ્ર્સ ત્રણ પ્રકારમાં આવે છે. ડેબીટકાર્ડ, ક્રેડીટકાર્ડ અને પ્રીપેર્ડકાર્ડ.

આ કાર્ડ દુકાનોમાં, એટીએમ, વોલેટસ, માઈક્રો એટીએમ, ઓનલાઈન શોપીન્ગમાં ચૂકવણી કરવા વાપરી શકાય છે.

બેંક નું ખાતું ધરાવતા  લોકો બેંકો પર ડેબીટ/રૂપિયા/ક્રેડીટકાર્ડને માટે અરજી કરી શકે છે.

.નાગરિકો તેમના ડેબીટકાર્ડને રૂપે કાર્ડ સાથે બદલી પણ શકે છે.

જે નાગરિકોનાં બેન્કમાં ખાતા નથી તેમણે કાર્ડ મેળવવા બેન્કમાં ખાતું ખોલાવવું જરૂરી છે.

અને મિત્રો સરકારી નિયમાનુસાર દરેક જનધન ખાતા ધારકો ને રૂપેકાર્ડ આપવામાંઆવશે.

તો આ હતી સરલાબેનની વાત... એજ રીતે કાદરભાઈ પણ કઈક કહી રહ્યા છે.... એમને પણ સાંભળીયે.....

કાદરભાઈ

હું કાદરભાઈ.. આ બદલાવ ની દુનિયામાં મેં પણ કદમ મુક્યું છે..... હવે મેં મારા નાના મોટા ચુકવણાં માટે મારા મોબાઈલ ફોન નેજ મારો ગજવો બનાવી લીધો છે .... એકદમ સાદો ફોન છે મારી પાસે.... કોઈ ડેટા ની સુવિધા નથી એમાં.. સમજી લ્યોને કે ખાલી ફોન અને મેસેજ કરી સકાય છે એનાથી ...હવે જેમ આપણે મોબાઈલ ની બેલેન્સ ચેક કરવા ફૂદડી અને બીજા ચિહ્નો લખીએ એ રીતેજ આ કામ થાય છે ... આ પ્રકારનાં વિકલ્પમાં મોબાઈલ સેવા પૂરી પાડતી કમ્પની અને જે વ્યક્તિ નું મોબાઈલ ફોન હોય તેની બેંક સાથે આ ફોન નમ્બર જોડવા માં આવે છે. તે ટૂંકા કોડ * (સ્ટાર અથવા ફુદડી) 99 (નવ નવ ) અને હેઝ # એસેમેસ ની જેમ મોબાઈલ પર લખવાથી સેવાની સરુઆત થશે. અહી આપેલ વિકલ્પ માંથી હું મારા બેંક ખાતા ની વિગતો પણ જોઈ સકુ છું... સામે ના વ્યક્તિ સાથે નાણાકીય વ્યવહાર કરી સકું છું ... અને નાણા મેળવી પણ સકું છું....આ માટે બેંક માંથી ઉપયોગકર્તા કોડ અથવા નામ જેણે એમ પી આઈ એન કહેવામાં આવે છે તે મેળવવાનું રહે છે.... આ સેવા ને **યુએસએસડી (અનસ્ટ્રક્ચર્ડ સપ્લીમેન્ટરી સર્વિસ ડેટા) કહેવામાં આવે છે.. આ સેવાથી નાણા મોકલવા માટે** ફોનથી ડાયલ*99# કરો....બેન્કના ટૂંકા નામ અથવા પ્રથમ ૪ અક્ષરની જગ્યાએ બેન્કના પ્રથમ ૩અક્ષર ભરો..... પછી આઈએફએસસી કોડ લખવાનું ....“ફંડ–ટ્રાન્સફર-એમએમઆઈડી” ઓપ્શન પસંદ કરો.... નાણા લેનારનો મોબાઈલ નંબર અને એમએમઆઈડી એન્ટર કરો.....રકમ અને તમારો એમપીઆઈએન નંબર એન્ટર કરો એક સ્પેસ છોડી તમારા ખાતાના છેલ્લા ૪ આંકડા એન્ટર કરો.... આટલી પ્રક્રિયા કરવાથી તમે તમારા નાણા ટ્રાન્સફર કરી શકશો. **આ** રાષ્ટ્રીય યુનિફાઇડ યુએસએસડી પ્લેટફોર્મ (NUUP) દ્વારા ગ્રાહક દીઠ એક દિવસનાં રૂ. 5000 ચૂકવણી માટે વાપરી શકાય છે.

---

(જીન્ગલ)

**આ વિશેષ કાર્યક્રમ તમો વિકાસ પેડીયા નાં સહયોગથી સાંભળી રહ્યા છો. ....આજે અમે વાત કરી રહ્યા છીએ ડીજીટલ ફાયનાન્સ સેવાઓની...** હવે ભમીબેન **આપણને સમજાવશે કે આપણે** આધારકાર્ડ **ના માધ્યમ થી નાણાકીય વ્યવહાર કઈ રીતે કરી શકીએ... તો સાંભળો .......**

---

- હું ભમી .... મને ડી એફ એસ ની સેવાઓ માં સહુ થી વધુ પસંદ હોય તો ઈ છે એઈપીએસ એટલે આધાર એનાબ્લેડ પેમેન્ટ સિસ્ટમ ટૂંક માં આધાર કાર્ડ દ્વારા નાણાકીય લેવડદેવડ.... આ પેમેન્ટ સિસ્ટમમાં ગ્રાહક બેન્કિંગ વ્યવહારોની ચૂકવણી કરવા આધારકાર્ડનો ઉપયોગ કરે છે..... તેનાં માટે બેન્કિંગ કોરસપોન્ડન્ટ(બીસી)ની મદદથી બેંક ટુ બેંક(પીઓએસ) (માઈક્રોએટીએમ) ચૂકવણીની પરવાનગી મળી સકે છે....... જે ગ્રાહકો એમના બેંક એકાઉન્ટની સાથે આધાર નંબર ધરાવે છે તે બીસીની મદદથી કોઈપણ એઈપીએસ નંબર કે પીન અથવા પાસવર્ડ વિના પોતાના ઘણાં નાણાકીય વ્યવહારો કરી શકે છે.... આ પ્રકિયા ખુબજ સરળ છે ઉપરાંત સુવિધાની સાથે બહુ સારી સલામતી અને સુરક્ષા પણ આપે છે.... **એઈપીએસથી વ્યવહાર કરવા માટે આપણને** આઈઆઈએન એટલે કે જે બેંક સાથે સંકળાયેલા હોઈએ

તેની ઓળખ, આધારનંબર અને ફિંગર પ્રિન્ટ એટલે કે આંગળીઓ ના નિશાન ની જરૂર પડે છે. .. તમને તો ખબર જ હશે કે આપણે જ્યારે આધાર કાર્ડ બનાવેલ ત્યારે દસ્તાવેજો ની સાથે આંગળાની નિશાનીઓ પણ આપેલ છે. બસ આમ શરીરના અવયવો અને વ્યક્તિગત માહિતીનો ઉપયોગ હોવાથી છેતરપિંડીથી બચી શકાય છે.
આને કારણેજ આ સેવા ખુબ સુરક્ષિત છે....

એઈપીએએસથી બેલન્સ સંબંધી પૂછપરછ, કેશવિડ્રો, કેશ ડીપોઝીટ, આધાર ટુ આધાર ફંડ ટ્રાન્સફર અને એઈપીએસ સાથે સંકળાયેલી દુકાનો પરથી ખરીદી વગેરે જેવા વ્યવહાર કરી શકો છો.અને બીજું તમને ખ્યાલ છે કે નરેગા, સોશિયલ સિક્યુરિટી પર્સન, વિકલાંગ તેમજ પેન્શનધારકો જેવી રાજ્યસરકારની સંસ્થાઓ આધાર સત્તાધિકરણની મદદથી ચૂકવણી કરે છે. ગ્રાહકો સુધી પહોંચવા અને તેમની નાણાકીય સેવાઓ વિસ્તારવા બીસીએસનો લાભ આપવા બેંકો સક્રિય બની છે. આનાથી હાલમાં નાણાકીય વ્યવહારોનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. અને બેન્કનો ખાતાનંબર યાદ રાખવાની જરૂર નથી. આમ આધાર કાર્ડ તમારા બેંક ની પાસબૂક, ડેબીટ કાર્ડ જેવુજ કામ કરી આપે છે ....

ઉદઘોષણા

તમને એક વસ્તુ તો ખ્યાલ આવતી હશે કે બધી સેવાઓ ની સરુઆત બેંક થી થાય છે... તમારા માંથી ઘણાં લોકો આવી સુવિધાઓ વિકસાવી પણ ચુક્યા હશે ... અને જે બાકી છે ....શેની રાહ જોવાની યાર ... મીલાવોને કદમ ડી એફ એસ ની સેવાઓ સાથે ... તો હમણાજ સાંભળ્યું ને ભમીબેન ની સલાહ કે  આધાર કાર્ડ ને બનાવો તમારા નાણાકીય વ્યવહાર નો આધાર.....હજી પણ એક જાણકારી અહી આવશ્યક છે, તો ભૂમીબેન સમ્ભ્ડાવે છે કે યુ પી આઈ શું છે ? ચાલો માણીએ એમની વાત......

દોસ્તો ! હું ભૂમિ .... આજે હું વાત કરીસ યુપીઆઈ એટલે યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસની. આ એ સીસ્ટમ છે જેમાં ગ્રાહક સ્માર્ટફોન મારફતે તત્કાલ ઈલેક્ટ્રોનિક ચૂકવણું  કરી શકે છે..... બેન્કના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. ફંડ ટ્રાન્સફર કરવા માટેની આ અદ્યતન અને સરળ રીત છે. આઈએમપીએસની જેમ યુપીઆઈ પણ ફંડ ટ્રાન્સફર માટે ખૂબ જ સરળ છે.... અહી તમે તમારા મોબાઈલ ફોન ને એક ડેબીટ કાર્ડ ની જેમ ઉપયોગ કરી શકો છો ...... બસ જરૂર પ્રમાણે તમારે તમારા બેંક ખાતા માંથી આ પ્રકાર ની સુવિધા પૂરી પાડતા એપ્લિકેશન માં લેનદેણ કરવાથી આ સુવિધા નો ગમે ત્યારે લાભ લઈ સકાય છે .... આમાટે બેંક ખાતા ની સાથે એક સ્માર્ટ ફોન જરૂરી છે ... સમજી લયો ને કે તમે તમારા ગજવા કે ચેકબૂક ને મોબાઈલ માં રાખી રહ્યા છો... કોઈ પણ કાર્ડ રાખવાની પણ જરૂર નથી .. બસ તમારો સ્માર્ટ ફોન બનશે તમારા નાણાકીય વ્યવહારો નો સાથી.... અને હા આ ફીચર નો ઉપયોગ કરવા માટે તમારે બેંક કે ખાતાની વિગતો યાદ રાખવાની જંજટ નથી રહેતી.... આને ઈ વોલેટ પણ કહી

સકાય ... તો હવે લાઈટ નું બીલ ભરવું હોય, ખરીદી કરવી હોય, ટીકીટ બૂક કરાવવી, શાળા કોલેજ ની ફી, સારી હોટેલ માં જમવાનું બીલ હોય કે બીજું ઘણું બધું ... બસ બિન્દાસ્ત ઈ વોલેટ થી ચુકવણું સાવ સહેલું અને સર્વત્ર સંભવ છે.. છે ને આ જરૂરી વાત ..... અને હા ખાસ વેપારી મિત્રો અને જે લોકો ચુકવણું સ્વીકારે છે એમના માટે પણ આ સુવીધા તેમના વકરા ની જેમ કામ કરી આપે છે .... જેમાં નથી કોઈ છુટા ની માથાકૂટ અને ચોરી નો પણ ડર... તો થઇ જાઓ તૈયાર .. સ્વીકારો તમારો નફો આ સુવિધાની મદદ થી .......

ઉદઘોષણા

મિત્રો એક વાત અહી ખાસ જણાવવાની રહી કે ... આ બધી સુવિધાનો ઉપયોગ તો કરવાનું છે પણ એની સાથે સાથે થોડી સુરક્ષા અને સાવધાની પણ રાખવી જરૂરી છે .. જેમ કે આપણે ધ્યાન રાખ્સું કે એટીએમમાંથી નાણા ઉપાડતી વખતે કોઈ પાછળથી જોઈ તો નથી રહ્યું અને અન્ય કોઈ ને આવા કાર્ડ વ્યવહાર માટે આપશું નહિ ... કોઈ અજાણી વ્યક્તિ ને રૂબરૂ કે ફોન પર આપણા કાર્ડ ના નંબર,  પીન અને ઉપરાંત વન ટાઈમ પાસવર્ડ જેવી અંગત માહિતી આપવાની નથી .... વિશ્વાસ પાત્ર વેપારીઓ સાથેજ લેણદેણ કરશો .....આમ જેમ સગવડ અને ઉપયોગ આપણા હાથ માં રહે તેજ રીતે સુરક્ષા પણ હાથ માં લેવાની છે ... અને હા હજુ જે લોકો આ સુવિધાઓના ઉપયોગ થી દુર છે તેઓ ખાસ બેંક નો સંપર્ક કરે ... પોતાનો મોબાઈલ નંબર અને અધારકાર્ડ બેંક ખાતા સાથે રજીસ્ટર કરાવે ..... અને બીજું આ વિશે હજુ પણ કોઈ માહિતી ની જરૂર લાગે તો આપ અમારી વેબ પોર્ટલ વિકાસ પેડીયા ની મુલાકાત લઇ શકો છો ... અહી તમને ઘણી બધી માહિતી સહેલી રીતે તમારાજી ભાષા માં ઉપલબ્ધ બનશે .....

**આ કાર્યક્રમ નું નિર્માણ સૈયેરે જો રેડિયો ૯૦.૪ એફએમ ભીમસર તાલુકો નખત્રાણા દ્વારા વિકાસ પેડીયા ના નાણાકીય સહયોગ થી જાહેર હિત માં કરવામાં આવેલ છે ... (ક્રેડીટ)**

જીન્ગલ